## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હું તો એમને પ્રેમથી સ્વીટુ, માય બેબી, જાનુ કહું છું... નામ જાણીને તમે તેને પોલીયો ડ્રોપ ન પીવડાવી શકો...!!

# આજે શહિદોની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પળાશે

ગાંધીનગર, તા. ૨૯

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદવીરોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૮ને મંગળવારના રોજ શહીદ દિને સવારે ૧૧ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરો પ્રત્યેનું ઋણ અદા કરાશે. સમગ્ર દેશમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહન વ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

મંગળવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જયાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શકય હોય તો ભેગા મળી, મૌન પાળે, જયાં શકય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે.

આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરના વાહન વ્યવહાર શકય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. સાથે સાથે ૧૧ વાગે ઉપડતી ટ્રેનો અને વિમાનોને તેમના મથકે બે મિનિટ માટે થોભે તે માટે જોવા પણ વિનંતી કરાઈ છે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો સંબંધિત તમામ કચેરીઓએ બહાર પાડવાના રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં પણ સાયરનની વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ સચિવાલય, સરકીટ હાઉસ, પ્રેસ, વિધાનસભા-સચિવાલય અને પાટનગર યોજના ભવન ઉપર સાયરનો મુકવામાં આવી છે તે સાયરનો પણ ઉપર મુજબના સમયે વગાડવામાં આવશે.

## કામધેનુ યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

કામધેનુ યુનિવર્સિટીનો ચતુર્થ પદવીદાન સમારંભ ૩જી ફેબ્રુઆરીને શનિવારના રોજ ૧૧ કલાકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ ઓડીટોરીયમમાં યોજાશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ગુજરાતના રાજયપાલ અને કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ઓમપ્રકાશ કોહલી ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, મુખ્ય મહેમાન તરીકે ડૉ. એ.કે. મિશ્રા તથા ગુજરાત રાજ્યના મંત્રી આર.સી. ફળદુ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ઉપરોક્ત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પદવી આપીને નવાજવામાં આવશે.

# "ગાંધી વિચાર" ખરેખર આજે કેટલો પ્રસ્તુત છે ?

ગાંધીનગર, તા. ૨૯

આવતીકાલે તા. ૩૦મી જાન્યુઆરી મહાત્મા ગાંધીનો નિર્વાણ દિવસ છે. જેને દેશભરમાં 'શહીદ દિન' તરીકે મનાવવામાં આવશે. પૂ. બાપુના વિચારો અને આદર્શો દેશના નાગરિકો ભુલી રહ્યાં હોવાનું ચર્ચાતુ હોય છે. આજની પેઢી ખરા અર્થમાં મહાત્મા ગાંધીને ઓળખે છે ? અને જો ઓળખે છે તો તેમના માટે 'ગાંધી વિચાર' સાંપ્રત સમયે કેટલો પ્રસ્તુત છે તેવી ચર્ચા અનેક સ્થળે થતી હોય છે. ગાંધીનગર સમાચારે 'ગાંધી વિચાર' સાથે સંકળાયેલા અગ્રણી નાગરિકો સાથે વાત કરી આ બાબતે તેમનો અભિપ્રાય જાણવા પ્રયાસ કર્યો હતો.




"પૂ. બાપુએ અંતિમ શ્વાસ લીધાને ૭૦ વર્ષ વીતી ગયા છે. ગાંધીજીએ સૂચવેલા ૧૧ વ્રતોનુ જો અનુપાલન કરવામાં આવે તો દુનિયામાં શાંતિ સ્થપાય. ગાંધીજીએ ખાદી થકી ગ્રામોદ્યોગને ઉત્તેજન આપી ગ્રામીણ પરિવારોને રોજગારી મળે તે માટે વ્યવસ્થા કરી હતી જેનાથી ગામડાં તુટતાં જરૂર બચ્યાં હોત અને બેકારી ઘટવા સાથે આંધળા શહેરીકરણને રોક લાગી હોત."

**- ગીરાબેન પટેલ**



"સામાન્ય રીતે એવો મત પ્રવર્તે છે કે ગાંધી વિચાર જુનવાણી થઈ ગયો પરંતુ મારા મતે ગાંધી એક વ્યક્તિ નથી વિચાર છે. જે આજે નહી પરંતુ આવતીકાલે પણ સાશ્વત રહેશે. પૂ. બાપુએ પ્રબોધેલી માનવજીવનની સંહિતા અને વિશ્વ શાંતિ તેમજ છેવાડાના માનવીના ઉત્કર્ષની વિચારસરણી કાયમ માટે પ્રેરક રહેશે."

**- દલપત પઢિયાર**



"આઈન્સ્ટાઈને કહેલુ કે "આવો હાડ-ચામ-માંસનો બનેલો માનવી આ પૃથ્વી પર વિહર્યો હશે તે આવનારી પેઢીઓ ભાગ્યેજ મળશે. અત્યારની પેઢી તો ગાંધીજીનુ ચિત્ર જોઈને તેમના વિશે અભિપ્રાય બાંધે છે પરંતુ તેમણે સાચા અર્થમાં જે બલિદાનો આપ્યા છે તે કોઈ જાણવા પ્રયાસ નથી કરતુ. આપણે આઝાદીની જે કિંમત ચુકવી છે તેને ગામડે ગામડે બાલમંદિરોમાં જઈને નવી પેઢી સમક્ષ મુકવાની જરૂર છે."

**- કનુભાઈ દવે**



"ગાંધી વિચાર આજના યુગ એટલો જ પ્રસ્તુત છે જેટલો ગાંધીના સમયમાં હતો અને આજે ૨૧મી સદીના બીજા દાયકામાં પણ રહ્યો છે. આ મહામાનવ વિશ્વને નજીકના જ ભૂતકાળમાં મળ્યો જેના તેના વિચારો દૈવી કક્ષાએ પવિત્ર હતા. ગાંધીજીએ ખરેખર તો કોઈને ઉપદેશ આપ્યો જ નથી. આજે પણ જ્યારે કોઈ ખોટુ કાર્ય કરતા તે ન કરવુ જોઈએ તે વિચાર આવે તો સમજવુ કે ગાંધી આદર્શ ઘુંટાયેલો છે અને ગાંધીવિચાર સાશ્વત છે."

**- પ્રો. રાજેન્દ્ર જાની**



"ગાંધી વિચાર કોઈપણ સમયે પ્રસ્તુત હતો અને રહેશે તેવુ હું વિશ્વાસથી કહી શકુ છુ. હું જ્યા કામ કરૂ છુ તે ગાંધી વિચારથી જ શકય છે. આજે કોઈપણ સ્થિતિમાં ગાંધી અને ગાંધી વિચાર મને દીવાદાંડીની જેમ રસ્તો બતાવે છે, કારણ કે ગાંધી વિચાર એકવાર સ્વીકાર્યા પછી તે તમારો પોતાનો વિચાર બની જાય છે."

**- બિન્દુબા ઝાલા**



"પૂ. ગાંધી સદેહે ભલે નાશ પામ્યાં છે પરંતુ ગાંધી વિચાર થકી જીવંત છે. તેમના જીવનકાર્યો, જીવનસંદેશ અને તેમની વાણી વિશ્વને સનાતન માર્ગદર્શન બની રહે છે. ગાંધીજીએ જીવનમાં અપનાવેલા ૧૧ વ્રતોમાં તેમનું જીવન પૂર્ણ થઈ જાય છે. સત્ય-અહિંસા એ સનાતન કાળ માટે આવશ્યક છે. એટલે 'મારૂ જીવન એજ મારો સંદેશ' યુગો સુધી જગતનો પથદર્શક બની રહેશે."

**- ભાનુપ્રસાદ પુરાણી**

# સઈજ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીનો જંગ રોચક

### માણસા નગરપાલિકા માટે આજે એક પણ ઉમેદવારીપત્ર ન ભરાયુ, ત્રણ ગ્રામ પંચાયતો સમરસ બની જ્યારે ૫૪ વોર્ડ બિનહરિફ થયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીનો માહોલ જામતો જાય છે. જો કે ગ્રામ પંચાયતોમાં કલોલની સઈજ ગ્રામ પંચાયતનો ચુનાવી જંગ સૌના આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. બાકી અન્ય પંચાયતોમાં વોર્ડની ચૂંટણીઓ બિનહિસાબી થવા પામી છે તો ૩ પંચાયતો સમરસ બની છે.

કલોલ તાલુકાની સઈજ ગ્રામ પંચાયતમાં ૧૬ વોર્ડ છે અને સરપંચ પદ માટે મહિલા બેઠક અનામત હોવાથી આ ગામની ચૂંટણી ભારે રસપ્રદ બની છે. આ ગામમાં એક વોર્ડની ચૂંટણી બિનહરિફ થઈ છે. જ્યારે ૧૫ વોર્ડમાં ત્રિકોણીય અને બહુકોણીય જંગ એક બે વોર્ડમાં જોવા મળી રહ્યો છે.

સરપંચ પદ માટે ૪ મહિલાઓ વચ્ચે જંગ જામશે. ચૂંટણીના પ્રચાર અભિયાને પણ ગ્રામજનોમાં ભારે આકર્ષણ જગાવ્યુ છે.

સઈજ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પણ ઉમેદવારોએ તેમના પ્રતીકોમાં રોજબરોજની ઉપયોગમાં લેવાતી વસ્તુઓ પર વધુ પસંદગી ઉતારી છે. ૧૬ હજારથી વધુ મતદારો ધરાવતી આ પંચાયતની ચૂંટણી કલોલ તાલુકામાં ચર્ચાનો મુદો બની છે.

દરમ્યાન આજે માણસા નગરપાલિકાની ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ થયુ છે. પરંતુ પ્રથમ દિવસો એક પણ ઉમેદવારીપત્ર ભરાયુ નથી.



## બાસણ ગામના યુવાનનો મૃતદેહ નદીના તટમાંથી મળી આવ્યો

ગાંધીનગર શહેર નજીક આવેલ બાસણ ગામના ૩૫ વર્ષિય યુવાન સંજયસિંહ ભીખુસિંહ વાઘેલાએ ગત્ તા. ૨૪ જાન્યુઆરીના રોજ કોઈ અગમ્ય કારણોસર સાબરમતિ નદીના પુલ પરથી ઝપલાવ્યું હતું. પરંતુ પાંચ દિવસ બાદ આજે સવારે ૧૧ વાગ્યાની આસપાસ આ યુવાનનો મૃતદેહ સેકટર-૩૦ સાબરમતિ નદીના પુલ નીચેના પીલર પાસેથી મળી આવ્યો હતો. છેલ્લા ચાર દિવસથી યુવાનના મૃતદેહને શોધવા માટે ફાયર બ્રિગેડની ટીમ, સ્થાનિક તરવૈયા તેમજ એનડીઆરએફ ની ટીમ કામ કરી રહી હતી. ત્યારે યુવાનનો મૃતદેહ મળતા પોલીસે મૃતદેહ પીએમ અર્થે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# છેલ્લાં બે દિવસમાં ફરદીનને વધુ ૩૨ યુનિટ રક્ત પુરૂ પડાયું

વડોદરાના રીક્ષાચાલક યાકુબભાઈના દિકરા ફરદીનની કિડનીના ઓપરેશન માટે જરૂર રક્તના પુરવઠા માટે ગાંધીનગર-અમદાવાદના સેવાભાવી યુવાનોએ સોશ્યલ મિડીયા થકી જે પ્રતિસાદ આપ્યો છે તે ખરેખર આજની યુવાપેઢી પર કરવામાં આવનાર આક્ષેપો બાબતે ફેર વિચારણા કરવા પ્રેરે છે. તા. ૨૬મી જાન્યુઆરીના રોજ ગાંધીનગર-અમદાવાદના મળીને કુલ ૩૩ યુવાનોએ રક્તદાન કર્યુ હતુ. જ્યારે તા. ૨૭મી અને ૨૮મી જાન્યુઆરીએ અનુક્રમે વધુ ૨૫ અને ૧૭ યુનિટ પુરા પાડી અનોખી માનવસેવાનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફરદીનને મદદ કરવાનું બીડુ ગાંધીનગરના સેવાભાવી યુવાનોએ ઉપાડી લીધુ છે.

જ્યારથી સોશ્યલ મિડીયા પર ફરદીનની સ્ટોરી વાઈરલ થઈ છે ત્યારથી ગાંધીનગરના યુવાનો દ્વારા સતત તેને મદદ કરવાના સંદેશા પ્રસારિત કરી અત્યાર સુધીમાં કુલ ૮૫ યુનિટ રક્ત પુરૂ પાડી ચુક્યા છે. અગાઉ ફરદીનના નજીકના સગા સંબંધીઓ અને સ્નેહીજનોએ મળીને એકત્રિત કરેલ ૨૦ યુનિટ સાથે કુલ ૧૦૫ યુનિટ રક્ત રિપ્લેસમેન્ટ માટે આપવામાં આવ્યુ છે. આમ આશરે ૧૦૦ યુનિટ રક્તની જરૂરિયાત કરતા વધુ યુનિટ રક્ત પુરૂ પાડીને ફરદીનની જીંદગી બચાવવા હાથ ધરાયેલા આ આહવાનને ગાંધીનગર-અમદાવાદના યુવાનોએ પરિપૂર્ણ કરેલ છે. યુવાનોની આ સેવા સરવાણીથી કિડની હોસ્પિટલના તબીબો પણ અભિભૂત થવા પામ્યા છે. જો કે આટલા રક્ત સાથેની ડાયાલિસિસની સારવાર પણ જો ફરદીનને અનુકૂળ નહી આવે તો તેને બચાવવા ચાર ઈન્જેક્શન આપવા પડશે જેની એક ઈન્જેક્શનની કિંમત રૂ. ૨૫ હજાર છે. આમ આ એક લાખની કિંમતના ઈન્જેક્શન આપવાના થશે તો તે પણ રીક્ષાચાલક યાકુબભાઈ માટે મોટો પડકાર છે. હાલ તો ગાંધીનગર અમદાવાદના યુવાનોની આ અનોખા સદ્કાર્યની ચોમેરથી પ્રસંશા કરવામાં આવી રહી છે.



ગાંધીનગર નજીક આવેલ અડાલજ સ્થિત શાળા ખાતે દાવતે ઈસ્લામી દ્વારા આયોજીત 'ઈસ્લામ એક ઉપકાર' કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે અડાલજના વતની અને પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હિમાંશુ પટેલ તેમજ મહેસાણા જિલ્લાના કોંગ્રેસના પ્રવક્તા મુઝમ્મિલખાન એમ. પઠાણ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગીક ઉદ્બોધન કર્યુ હતુ.

# ધોરણ-૯ અને ૧૧ના નવા પાઠ્યપુસ્તકોનું મુદ્રણ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૯

૨૦૧૮-૧૯થી ધો. ૯ અને ૧૧માં એન.સી.ઈ.આર.ટી.ના અભ્યાસક્રમ મુજબના પાઠ્યપુસ્તકો પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યા છે.

પાઠ્ય પુસ્તક મંડળની અખબારી યાદીમાં જણાવાયા મુજબ ધો. ૯ માટે ગણિત અને વિજ્ઞાન તેમજ ધો. ૧૧ માટે ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન તેમજ આ ત્રણેય વિજ્ઞાન વિષયની પ્રયોગપોથીઓનું મુદ્રણ અને અનુવાદનું કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

૨૦૧૮-૧૯ના નવા શૈક્ષણિક સત્રથી આ નવા અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોથી ભણાવવાનું રહેશે. અન્ય માધ્યમના પણ પુસ્તકો તૈયાર કરી દેવામાં આવ્યાનું આ યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગરના ૩ હોમગાર્ડઝ જવાનોને મુખ્યમંત્રી ચંદ્રક

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લામાં હોમગાર્ડઝ દળના સભ્યો તથા અધિકારીઓને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સરકાર તરફથી મુખ્યમંત્રી ચંદ્રક તથા રાષ્ટ્રપતિ



ચંદ્રક એનાયત કરવામાં આવે છે. આ વર્ષે પ્રજાસત્તાક પર્વના દિવસે ગાંધીનગર જિલ્લાના ૩ હોમગાર્ડઝ જવાનોની મુખ્યમંત્રી ચંદ્રક તથા ૧ હોમગાર્ડ જવાનની રાષ્ટ્રપતિ ચંદ્રક માટે પસંદગી કરવામાં આવી છે. સીનીયર પ્લાટુન કમાન્ડર રૂપસંગ ઠાકોરને તેમની લાંબી ઉત્કૃષ્ટ પ્રશંસનીય સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક-૨૦૧૮ આપવામાં આવશે. આ ઉપરાંત મનીષ સોની, અરવિંદ ઠાકોર તથા નટવર સોલંકીને તેઓની શ્રેષ્ઠ કામગીરીની કદરરૂપે મુખ્યમંત્રી ચંદ્રક ૨૦૧૮થી નવાજવામાં આવશે.

# સીએ ઈન્ટર મીડીએટમાં શહેરના ત્રણ વિદ્યાર્થીઓ ઝળકયા

ગાંધીનગર, તા. ૨૯

આઈસીએઆઈ દ્વારા તાજેતરમાં લેવાયેલી સીએ ઈન્ટરમીડીએટની પરીક્ષામાં ગાંધીનગરના ત્રણ વિદ્યાર્થીઓ ઝળક્યા છે.



ગાંધીનગરના જાણીતા સીએ બ્રિજેશ ઠાકરના માર્ગદર્શન હેઠળ શહેરના વિદ્યાર્થીઓ ધવલ પટેલ, શ્રૃતિ પંડ્યા અને નાહિદ ખાને ઝળહળતો દેખાવ કરી કઠીન પરીક્ષામાં સફળતા મેળવી છે.

# આદર્શ નિવાસી શાળા સેકટર-૮ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી

૬૯મા પ્રજાસત્તાક દિનની ઉલ્લાસપૂર્વક ઉજવણી આદર્શ નિવાસી શાળા અનુસૂચિત જાતિ કુમાર શાળા સેકટર-૮ ખાતે કરવામાં આવી હતી. ઉજવણીમાં રોટરી કલબના ગાંધીનગરના પ્રમુખ અશોકભાઈ ચાવડા, આચાર્ય તથા શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. પ્રમુખશ્રી દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દેશભકિતના ગીતો અને રાષ્ટ્રગાન કરી મોં મીઠું કરાવ્યું હતું.

૨૨ વિદ્યાર્થીઓએ વંદેમાતરમની થીમ પર પિરામિડ બનાવી અદભૂત દ્રશ્ય સર્જયું હતું. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓ તથા સુંદર કાર્યક્રમ રજુ કરનાર વિદ્યાર્થી અજય ઝાલા તથા સેમના અમિતને ઈનામ આપેલા હતા. સંચાલન વિદ્યાર્થી રોહન ચાવડાએ કર્યું હતું.

# શહેરમાં વાલ્મિકી અધિકાર સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે વાલ્મિકી અધિકાર સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં રાજયભરમાંથી હજ્જારો અનામત વાલ્મિકી સમાજની હતી તે ઘણા વર્ષોથી બંધ છે જેને ફરીથી ચાલુ કરવામાં આવે. વાલ્મિકી સમાજના શિક્ષિત બેરોજગારોને રોજગારી મળે તેવી નિતી તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવે,સફાઈ જોઈએ,વાલ્મિકી સમાજના કર્મચારીઓને યોગ્યતા મુજબ બઢતી આપવી, રાજયમાં ૬ કરોડ ૪૦ લાખ વસ્તીમાં વણકર સમાજ ૨૧ લાખ, ૧૭ લાખ વાલ્મિકી સમાજ તથા રોહિત



વાલ્મિકી ભાઈ બહેનો હાજર રહ્યા હતા. વાલ્મિકી સમાજ સફાઈ કામદારોના હક્ક માટે માંગણીઓ કરવા છતા સરકાર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે રાજય સરકાર દ્વારા વાલ્મિકી સમાજની પડતર માંગણીઓ અને પ્રશ્નોનો સત્વરે યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેમ વાલ્મિકી સમાજના આગેવાનો ઈચ્છી રહ્યા છે.

વાલ્મિકી સમાજની માંગણીઓમાં ગ્રામપંચાયત, નગર પાલિકા તેમજ મહાનગર પાલિકાઓ, બોર્ડ-નિગમ, સરકારી-અર્ધ સરકારી,સંસ્થામાં સફાઈ કામમાં જોડાયેલા રોજમદાર તેમજ કોન્ટ્રાકટના સફાઈ કામદારોને કાયમી નોકરીના હક્કો આપવામાં આવે, ગુજરાતમાંથી સફાઈ કામને લગતા કોન્ટ્રાકટ પધ્ધતિ સંપૂર્ણ પણ નાબુદ કરવી, સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં ૨ ટકા કામદારોની ભરતીમાં રોસ્ટર પ્રથામાંથી મુકિત આપવામાં આવે કારણ કે, સફાઈ કામમાં માત્ર વાલ્મિકી સમાજ કરે છે. સફાઈ કામદારોનો પગાર રાજય સરકાર ચુંકવે, રાજયમાં જે કચેરીઓમાં કોન્ટ્રાકટ પધ્ધતિ છે તે સિસ્ટમ સંપૂર્ણ પણે નાબુદ કરવી જોઈએ તેમજ જયાં સુધી તંત્ર દ્વારા કોન્ટ્રાકટ પધ્ધતિ નાબુદ ન થાય ત્યાં સુધી વાલ્મિકી સમાજને કોન્ટ્રાકટ મળવા સમાજ ૧૦ લાખ છે. ત્યારે વાલ્મિકી સમાજનું પ્રતિનિધીત્વ કરનાર ધારાસભ્યની સંખ્યા નહીંવત છે. જેથી ગ્રામપંચાયતથી ધારાસભ્ય સુધી યોગ્ય પ્રતિનિધિત્વ આપવું, આ સહિતની માંગણીઓ સાથે આજે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે વાલ્મિકી સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા અને વાલ્મિકી અધિકાર સંમેલન યોજ્યું હતું.

## સુધારો

જાહેર નિવિદા નં. ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૫૪૩/૨૦૧૭-૧૮, તા. ૬/૧/૨૦૧૮માં નીચે મુજબનો મુદતમાં સુધારો કરી રસ ધરાવતા ઈસમો / પાર્ટીઓ પાસેથી ટેન્ડર માટે આમંત્રીત કરવામાં આવે છે.

**ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ : ૩૧/૧/૨૦૧૮ થી ૧/૨/૨૦૧૮**
**ટેન્ડર પરત લેવાની તારીખ : ૬/૨/૨૦૧૮**
**ટેન્ડર ખોલવાની સંભવીત તારીખ : ૯/૨/૨૦૧૮**
**ટેન્ડર મેળવવાનું અને પરત કરવાનું સ્થળ : પ્રોજેક્ટ ડાયરેક્ટર, (આત્મા) આત્મા પ્રોજેક્ટ, C/o. નવી જિલ્લા પંચાયત, બાયપાસ રોડ, હિંમતનગર, જિલ્લો-સાબરકાંઠા**

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૫૯૯/૨૦૧૮